# શહેરી ગાંધીનગરના ૩૦ટકા પરિવારોના બાથરૂમમાં ગટર જોડાણ જ નહીં !!

ગાંધીનગરના બે લાખ ૮૭ હજાર પરિવારોમાંથી માત્ર ૪૨ ટકા પરિવારોના ઘરના બાથરૂમ બંધ ગટર સાથે જોડાયેલા છે. શહેરી અને ગ્રામીણ વિસ્તારની રીતે આ વિગતોને ચકાસીએ તો અનુક્રમે તેની ટકાવારી ૨૦ ટકા અને ૭૦ ટકા થાય છે, ટલે કે ગાંધીનગર ગ્રામીણ વિસ્તાર અંગે સેન્સસના આંકડા દર્શાવે છે કે દર દસ પરિવારે માત્ર બે જ પરિવાર એવા છે કે જેમના ઘરના બાથરૂમ ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા સાથે જોડાયેલા છે. જ્યારે ગાંધીનગર શહેરી વિસ્તારના ઘર-પરિવારના બાથરૂમ ની વિગતો જોઈએ તો ૩૦ ટકા પરિવારોના બાથરૂમ ગટર કનેક્શન સિવાયના છે. રાજ્યનું પાટનગર ઉપરાંત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની વડી કચેરી જે શહેરમાં છે ત્યાં આવી વિપરિત પરિસ્થિતિ છે.




**નગરની એક ઓળખ નળ-ગટર અને રસ્તા છે એ વાત સમજવા જેવી ખરી**

પાટનગર ગાંધીનગરના પરિવારોના બાથરૂમમાં વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા, સફાઈ સાથે સીધી રીતે જોડાયેલી ગટર વ્યવસ્થાઓની વિગતોને ગુજરાતના શહેરી વિસ્તારના કુલ આંકડાઓની સાથે સરખામણી કરીએ તો ગાંધીનગર અને ગુજરાતની સ્થિતિ એક સમાન છે, ગુજરાત કરતાં ગાંધીનગર પાછળ નથી. આંકડા એમ બતાવે છે કે ગુજરાતમાં જેવી પરિસ્થિતિ છે એવી જ ગાંધીનગરની પરિસ્થિતિ છે એટલે ગાંધીનગર અન્ય નગર વિસ્તારોની સરખામણીએ આ બાબતે ઉતરતું છે એવી સ્થિતિ નથી. ચોક્કસ નથી જ. પરંતુ જ્યારે ગાંધીનગરને એક પાટનગર તરીકે જોવામાં આવે ત્યારે ગાંધીનગરની આ સ્થિતિ પ્રોત્સાહક ના કહેવાય. ગુજરાતમાં ગાંધીનગર એક એવું નગર છે કે જે નગર સ્થાપત્યની દ્રષ્ટિએ તો ખરું જ પરંતુ નળ, ગટર અને રસ્તાની દ્રષ્ટિએ પણ અન્ય ગુજરાતીઓ સહિત અનેક લોકો અવ્વલ દરજ્જાના નગર તરીકે ગાંધીનગરને જુએ છે, ગાંધીનગરને એક આદર્શ નગર તરીકે જુએ છે ત્યારે આંકડાઓની હકીકતો જાહેર સેવા -સ્વચ્છતાના મામલે ગાંધીનગર ક્યાં ઊભું છે તે દર્શાવે છે. ગાંધીનગરાઓ જ નહીં અન્યોને પણ આ આંકડાઓની સચ્ચાઈ 'ઓહ ગાંધીનગરમાં આવી વિપરિત સ્થિતિ છે એવા વિચારમાં મૂકી દે એવી છે.

આ તો થઈ બંધ ગટરની સુવિધા અંગેના ઘર પરિવારોના બાથરૂમની વિગત તેવી જ રીતે આપણે ગાંધીનગરમાં ખુલ્લી ગટરો સાથેના પણ બાથરૂમમાં વિગતો પણ જોવા જેવી છે. ગાંધીનગરમાં ૧૦૪૬૩ પરિવારો એવા છે કે જેઓ બાથરૂમ તરીકે ઘરમાં જ કોઈ નિશ્ચિત જગ્યાનો કે બાથરૂમનો જ ઉપયોગ કરે છે પરંતુ બાથરૂમ તરીકે જેનો ઉપયોગ કરે છે ત્યાં ખુલ્લી ગટર છે. ગંદા પાણીના નિકાલની બંધ ગટરો નું અસ્તિત્વ જ નથી. હા, ટકાવારીની દ્દષ્ટિએ એનું પ્રમાણ માત્ર ૩.૬૪ ટકા થાય છે જ્યારે ગ્રામીણ અને શહેરી વિસ્તારોના આંકડાઓની દ્રષ્ટિએ જોઈએ તો અનુક્રમે ૨.૬૭% અને ૪.૮૭% થાય છે. ગ્રામીણ અને શહેરી ગુજરાતની સરખામણીએ ગ્રામીણ અને શહેરી ગાંધીનગરની સ્થિતિ બાથરૂમની

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરના છત્રાલ પાસે પિપલ્સ ફોર એનિમલ્સ હોસ્પિટલનું ભૂમિ પૂજન

**મેનકા ગાંધીના હસ્તે ભૂમિપૂજન કરાયું : મેનકાએ કચ્છના ખાસ પ્રકારના ઊંટને પાણીમાં તરતા મૂકવાની મંજૂરી માંગી**

ગાંધીનગર, તા.૧૯

કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી આજે ગુજરાત પ્રવાસે છે. તેમણે અમદાવાદમાં પિપલ્સ ફોર એનિમલ્સ હોસ્પિટલનું ભૂમિ પૂજન કર્યું હતું. આ પ્રસંગે તેમણે ગુજરાત સરકાર પાસેથી કચ્છના એક ખાસ પ્રકારના ઊંટને પાણીમાં તરતા મૂકવાની મંજરી માંગી હતી.

મહેસાણા હાઈવે પર ઓળ છત્રાલ પાસે કેન્દ્રીય મંત્રી અને પિપલ્સ ફોર એનિમલ્સ હોસ્પિટલનું ચેરપર્સન મેનકા ગાંધી દ્વારા ભૂમિપૂજન કરાયું હતું. મુંબઈમાં ટાટા ગૃપ સાથે પાર્ટનરશિપમાં આ એનિમલ હોસ્પિટલ બનાવવામાં આવશે. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ હાજર રહ્યા હતા. ભારતમાં છેલ્લા પાંચ વર્ષમાં એનિમલ હસબન્ડરી ક્ષેત્રે કોઈ જ કાર્ય ન થયું હોવાનો આક્ષેપ ખુદ કેન્દ્રીય મંત્રી અને પર્યાવરણવાદી મેનકા ગાંધીએ કર્યો છે. ગુજરાતમાં પણ પ્રાણીઓની સારવાર માટે યોગ્ય વ્યવસ્થા ન હોવાનો આક્ષેપ પણ મેનકા ગાંધી દ્વારા કરાયો અને એટલા માટે જ કલોલની પસંદગી કરીને કરોડો રૂપિયાના ખર્ચે આ હોસ્પિટલ બનાવવામાં આવશે. ગુજરાતમાં ત્રણ જાતના ઊંટ છે, જેમાં એક પ્રકારના ઊંટ પાણીમાં તરી શકે છે. પણ ગુજરાત સરકારના પશુપાલન વિભાગ દ્વારા આ ઊંટને પાણીમાં તરવાની મંજુરી આપતા નથી. આથી આ પ્રકારની જાતિ નામશેષ થઈ રહી હોવાનો દાવો મેનકા ગાંધીએ કર્યો છે. રાજ્ય સરકાર સામે આવા ઊંટ માત્ર ૩૫૦૦ જ રહ્યા હોવાથી તેને બચાવવાની માંગણી કરી અને પાણીમાં તરતા ઊંટને પાણીમાં તરવાની મંજુરી આપવાની માંગણી કરી છે.

# સચિવાલયમાં નોકરીની લાલચ આપી યુવક પાસેથી ૩૭ લાખ પડાવ્યા

મહેસાણા,તા.૧૯

ગાંધીનગર સચિવાલયમાં વર્ગ-૩ ની નોકરી આપવાનુ કહીને વડનગરના યુવાન સાથે ૩૭ લાખની છેતરપીંડી કરવામાં આવી છે. આ મામલે છેતરપીંડી કરનારા ૨ શખ્સો સામે ફરિયાદ નોંધાવાઈ છે. વડનગરના સિપોરના ખાડિયાવાસમાં હેમંતકુમાર મણીલાલ પટેલ સાથે ૩૭ લાખની છેતરપીંડી કરવામાં આવી છે. વડનગરના રહેવાસી જીમ્મી ભરતભાઈ પટેલ અને મૌલિક હીરપરા નામના બે શખ્સોએ યુવકને સચિવાલયમાં નોકરી અપાવવાનું કહી તેની પાસેથી ૩૭ લાખ રૂપિયા લીધા હતા. બંને શખ્સોએ હેમંતને નકલી ઓફર લેટર તથા ઓર્ડર નિમણૂંક પત્ર તથા આઈકાર્ડ બનાવી આપ્યો હતો. તેમજ તેનો ખરા તરીકે ઉપયોગ કરી ખોટા હોદ્દા ધરાવી બનાવટી સિક્કા પણ મારી આપ્યા હતા. બંને બીજા શખ્સો સાથે પણ આ રીતે છેતરપીંડી કરી હતી. નોકરી ન મળતા તેઓએ રૂપિયા પરત કરવાની માંગણી કરી હતી, તેઓએ રૂપિયા પણ પરત આપ્યા ન હતા. ત્યારે હેમંત કુમાર પટેલે તેમની સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસે આ મામલે આરોપીઓ સામે ઈપીકો ૫૦/૧૯, ૪૦૬, ૪૧૯, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૩, ૧૨૦બી અંતર્ગત ગુનો નોંધી એલસીબી પીઆઇ એસ એસ નિનામાએ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

# સેકટરોના માર્ગો પર માટી પથરાતા વાહનચાલકોની સલામતી જોખમાઈ

**વરસાદી પાણીના નિકાલની લાઇનની કામગીરી દરમિયાન ખોદકામના અંતે યોગ્ય માટી પુરાણ તેમજ સફાઇ ન થતા હોવાનો પ્રબળ આક્રોશ**



ગાંધીનગર તા ૧૯

શહેરમાં લાંબા સમયના અંતે હાથ ધરાયેલી સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બની છે. માર્ગો આસપાસ ખડકાયેલા તોતિંગ પાઈપની કામગીરીના અંતે ખોદકામ બાદ યોગ્ય પુરાણ ન થતા સેકટરોના રસ્તાઓ પર માટીની પથારી થયેલી જોવા મળે છે. જેના લીધે વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ખોદાયેલી માટીની માર્ગો પરથી સફાઈ ન થતા વાહનચાલકોની આંખમાં ખુંચે છે.

શહેરમાં લાંબા સમયના અંતે સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરાયુ છે. સ્ટોર્મ વોટર લાઈન નાંખવા માટે અગાઉ પણ બે વાર સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જયારે બે વાર દરખાસ્ત કરાયા બાદ પણ માર્ગ મકાન વિભાગ દ્વારા વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવાનુ કામ હાથ ધરાયુ ન હતુ. પરંતુ કોર્પોરેશન દ્વારા હાલ આ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરાયુ છે. અત્યાર સુધી શહેરના માત્ર સાત જ સેકટરોમાં સ્ટોર્મ

● અનુસંધાન પાન-૭ પર

# પાણી મુદ્દે પ્રજાને સાથે રાખી કોંગ્રેસ જનઆંદોલન છેડશે

**લોકોની વેદના સાંભળી પ્રદેશ પ્રમુખની ચીમકી : અમિત ચાવડા સહિતના નેતાઓ વિવિધ વિસ્તારોમાં રૂબરૂ મુલાકાત લઇને પાણીના મુદ્દે રિપોર્ટ તૈયાર કરવામાં વ્યસ્ત**

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા સહિતના નેતાઓ અને આગેવાનો રાજયના વિવિધ વિસ્તારોમાં રૂબરૂ મુલાકાત લઈ પાણીના મુદ્દે સ્થાનિક જનતા વેઠી રહેલી હાલાકી અને વેદનાની જાતમાહિતી મેળવી રહ્યા છે અને આ અંગેનો સમગ્ર રિપોર્ટ તૈયાર કરી કોંગ્રેસ ભાજપ સરકારને સાણસામાં લેવાની તૈયારી કરી રહ્યું છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આજે દાહોદ જિલ્લાના ખરોડ, ડોકી સહિતના ગામોની રૂબરૂ મુલાકાત લીધી હતી અને ત્યાં પગપાળા ચાલી વિવિધ વિસ્તારોમાં ફરી સ્થાનિક જનતાની ખાસ કરીને પાણીના મુદ્દે મહિલાઓની વેદના અને કફોડી હાલતની સ્થિતિનો તાદ્રશ્ય ચિતાર મેળવ્યો હતો. ગુજરાતની જનતા પાણી માટે વલખાં મારી રહી હોવાની સ્થિતિને લઈ અમિત

● અનુસંધાન પાન-૭ પર



ગરમીની જમાવટ - વૈશાખ મધ્યાહ્ને પહોંચતા ગરમીએ પણ આક્રમક મીજાજ બતાવવાનું શરૂ કર્યુ છે... રવિવારે શહેરનું મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતું... રવિવારની રજા અને સૂરજદાદાનો તાપની સીધી અસર શહેરના માર્ગો પર વર્તાતી હતી... બપોરે ૧૨ થી ૪ માર્ગો સૂમસામ ભાસતા હતા... જાણે કે સૂરજદાદાએ કર્ફ્યુ નાખ્યો હોય... આવનારા પંદર દિવસમાં પણ ગરમી વધતી જશે એવા અનુમાનો હવામાન શાસ્ત્રીઓના છે...

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**પાણીના બગાડ મામલે તંત્ર સફાળુ જાગ્યુ**

# સેકટરોમાં પાણીના બિનઅધિકૃત જોડાણ બદલ દંડ કરવામાં આવશે

**શહેરમાં પુરતા પાણી પુરવઠાના સપ્લાય બાદ પણ ઉદભવતી પાણીની સમસ્યા પાછળ ગેરકાયદેસર જોડાણ અને પાણીનો બગાડ પણ જવાબદાર હોવાનુ તારણ**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર શહેરમાં સમગ્ર દેશમાં માથાદીઠ પાણીનો વપરાશ વધુ હોવાના તારણના અંતે પણ સેકટરોમાં પાણીની પોકાર ઉઠતી રહે છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા પાણીની જરૂરિયાતથી વધુ પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. ત્યારે શહેરમાં પાણીના વપરાશ સાથે થતો પાણીનો બગાડ તેમજ ગેરકાયદેસર રીતે પાણી મેળવવાના કિમીયાઓને પણ ડામવા માટે તંત્ર સફાળુ જાગ્યુ છે. સેકટરોમાં પાણી મેળવવા માટે મોટરનો ઉપયોગ કરવામાં આવે છે. ઘણાં ઠેકાણે ગેરકાયદેસર રીતે પાણી ખેંચવામાં આવતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. જયારે સેકટરોમાં મોટરથી પાણી ખેંચવાના મામલે તંત્ર દ્વારા ટીમ બનાવી આવા કિસ્સામાં કાયદેસરની કાર્યવાહી કરવા માટે પણ નિર્ણય લેવાયો છે. જયારે જળ એ જ જીવન અને પાણી બચાવોના સુત્ર સાથે પાણીના બગાડને અટકાવવા જાગૃત થયેલા તંત્ર દ્વારા પાણીના લીકેજીસ તેમજ પાઈપલાઈનને નીચા લેવલે લઈ જઈને પાણી મેળવવાના કિસ્સામાં પણ નાગરિકોને તાકીદ કરવામાં આવી છે. આ પ્રકારની હરકત બદલ કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરાશે. પાણી માટે ખોટા જોડાણ મેળવીને પાણીનો દુરઉપયોગ કરવાના કિસ્સામાં પણ દંડનીય કાર્યવાહી હાથ ધરાશે તેમ પણ જણાંવાયુ છે. શહેરમાં પ્રતિદિન ૫૮ થી ૬૦ એમ એલ ડી પાણીનો વપરાશ થાય છે. ઉનાળાની આકરી ગરમીમાં પાણીનો વપરાશ વધી જાય છે આવા સંજોગોમાં સેકટરોમાં પાણીની પોકાર ઉઠતા તંત્ર દ્વારા પાણીનો બગાડ કરતા નાગરિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા ઝુંબેશ હાથ ધરી છે. સેકટરામાં ઉદભવતી પાણીની સમસ્યા પાછળ ગેરકાયદેસર જોડાણ તેમજ મોટરથી પાણી ખેચવાની હરકત સહીત બગાડ પણ જવાબદાર હોવાનુ ધ્યાને આવ્યુ છે. પાણીનો બગાડ પણ વિશેષ થતો હોવાનુ ધ્યાને આવતા તંત્ર સફાળુ જાગ્યુ છે.

# શહેરના સર્કલો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે લુપ રોડ બનાવવા વિચારણા

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં દાયકાઓના અંતે ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. વાહનોની સંખ્યા વધતા શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ પણ વધ્યુ છે. જયારે શહેરમાં આવતા મુલાકાતીઓના લીધે પણ સર્કલો પર ટ્રાફિકનો ધમધમાટ વધ્યો છે. આવા સંજોગોમાં શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે વિભાગ દ્વારા લુપ રોડ બનાવાની યોજના વિચારણા હેઠળ છે. આગામી દિવસોમાં આ કાર્યયોજના આખરી કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરાશે.

ગાંધીનગર શહેરમાં દિનપ્રતિદિન ટ્રાફિકનુ ભારણ વધતુ જાય છે. જયારે ટ્રાફિકની સમસ્યાને ડામવા માટે સેકટરોમાં રોડ નેટવર્કને યોગ્ય કરવા ઉપરાંત મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલનુ પણ કાર્યરત કરાયા છે. શહેરના માર્ગો પર વધતા ટ્રાફિકના ભારણના લીધે શહેરના મુખ્યમાર્ગોનુ રોડ નેટવર્ક પણ અપગ્રેડ કરવામાં આવ્યુ છે.

**સેકટરોમાં જવા માટે સર્કલો ફરવાની જરૂર ન રહે તે માટે લુપ રોડ ઉપયોગી બનશે**

શહેરના ખ માર્ગને પણ સિક્સલેન બનાવી દેવાયો છે.જયારે હવે આગામી દિવસોમાં ગ માર્ગને પણ સિકસલેબન બનાવવા માટે પણ અયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત શહેરના મુખ્યમાર્ગો પર ટ્રાફિક જંકશનને અનુલક્ષીને અન્ડર પાસ બનાવવા માટે પણ આયોજન કરવામાં આવશે. બીજીતરફ ટ્રાફિક સિગ્નલ કાર્યરત થતા શહેરના મુખ્યમાર્ગો પર પીક અવર્સ દરમિયાન સર્કલો પર વાહનોનો ખડકલો જોવા મળી રહ્યો છે. ત્યારે સેકટરોમાં મુખ્યમાર્ગો પર નિયત અંતરે ક્રોસ રોડ પણ જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં મુખ્યમાર્ગો પરથી સેકટરોમાં પ્રવેશતા વાહનોની સંખ્યા પણ વિશેષ છે. જયારે સર્કલ પર યુ ટર્ન કરીને પણ સેકટરોમાં પ્રવેશતા વાહનોના લીધે પણ સર્કલ વિસ્તારમાં ટ્રાફિકનુ ભારણ વધી ગયુ છે. આવા સંજોગોમાં શહેરના સર્કલો પર ટ્રાફિક જામના દ્રશ્યો

● અનુસંધાન પાન-૭ પર

# ધારાસભ્ય કગથરાના પુત્રની અંતિમયાત્રામાં મુખ્યમંત્રી જોડાયા

**અંતિમયાત્રામાં મોટી સંખ્યામાં લોકો સામેલ : દુખનું મોજુ**

ગાંધીનગર, તા. ૧૯

પડધરી ટંકારાના ધારાસભ્ય અને રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર લલિત કગથરાના પુત્ર વિશાલની આજે અંતિમયાત્રા નીકળી હતી. લલિત કગથરાના નિવાસસ્થાનેથી નીકળેલી પુત્ર વિશાલની અંતિમ યાત્રામાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને વિધાનસભાના વિપક્ષ નેતા પરેશ ધાનાણી સહિત ભાજપ-કોંગ્રેસના નેતાઓ અને સ્થાનિક લોકો ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. ગઈકાલે પશ્ચિમ બંગાળમાં દિવ્યાંગ બાળકોને પ્રવાસે લઈ ગયા હતા ત્યારે લલિત કગથરાના પુત્રોને ત્યાં અકસ્માત નડ્યો હતો. તેમની વોલ્વો લકઝરી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં લલિત કગથરાના મોટા પુત્ર વિશાલનું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય પુત્ર ઘાયલ થયો હતો. આ દુઃખદ પ્રસંગના કારણે કગથરા પરિવારમાં શોકનો માતમ પથરાઈ ગયો હતો. દરમ્યાન આજે કોંગ્રેસના ધારાસભ્ય લલિત કગથરાના નિવાસસ્થાનેથી પુત્ર વિશાલની અંતિમયાત્રા નીકાળવામાં આવી હતી. જેમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ



રૂપાણી, વિપક્ષના નેતા પરેશ ધાનાણી સહિત ભાજપ-કોંગ્રેસના નેતાઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ શોક પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભારે દુઃખ સાથે જણાવ્યું હતું કે, આ સમાચાર ન માની શકાય તેવા હતા. ભગવાન તેમના આત્માને શાંતિ આપે અને પરિવારને આ દુઃખ ઝીલવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરું છું. ખૂબ જ દુઃખદ બનાવ છે. કોઈને ત્યાં ભગવાન આ પ્રકારનું દુઃખ ન આપે. નાની ઉંમર અને ઓચિંતું અકસ્માતમાં મૃત્યુ આ દુઃખની કલ્પના કરવી પણ અઘરી છે. તેમણે ઉમેર્યું કે, લલિતભાઈ અને ઈલાબહેન પર દુઃખના વાદળો તૂટી પડ્યા હોય તેવી ઘટના છે. લલિતભાઈ અને ઈલાબહેન સાથે મારા જૂના અને પારિવારીક સંબંધો છે. હું મેયર હતો ત્યારે ઈલાબહેન ભાજપના કોર્પોરેટર હતા.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com